# શબાની રાણી

## (ફાધર વર્ગીસ પોલ)

શબાની રાણી એટલે ઈતિહાસના પાના પર નોંધાયેલી, રાજ્ય કરતી પ્રથમ રાણી. રાજા શલોમોનના સમયમાં રાતા સમુદ્ર પાસે આરાબિયાના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા શબા રાજ્યમાં તે રાજ્ય કરતી હતી. આજે શબા રાજ્ય યમન તરીકે ઓળખાય છે. જોકે, ઈથિયોપિયાના લોકો માને છે કે શબા રાજ્ય તો આફ્રિકા ખંડના સમુદ્રકિનારે ઈથિયોપિયાના એક પ્રાન્તમાં આવેલું છે.

દેખીતી રીતે શબાની રાણી એક ખૂબ હિંમતવાન અને સાસહસી સ્ત્રી હતી. તેણે ઈસાયલમાં રાજ્ય કરતાં રાજા શલોમોનની જાહોજલાલી અને જ્ઞાન વિશે સાંભળ્યું. બાઈબલ નોંધે છે તેમ, “શલોમોનની કીર્તિ સાંભળીને શબાની રાણી કૂટપ્રશ્નો પૂછી તેની કસોટી કરવા આવી.”

એક ચમત્કાર જેવી વાત છે કે, ઈસુ ખ્રિસ્તના આગમનની નવ સદી પહેલાં દુનિયાના એક ખૂણામાં બધી રીતે પુરુષ સમોવડી હોય એવી એક ખૂબ જાજરમાન સ્ત્રી શબામાં રાજ્ય કરતી હતી. બાઈબલનો એક વિશ્વકોશ નોંધે છે તેમ, તે સમયમાં સ્ત્રીઓ બધી રીતે પુરુષોની સમાન હતી અને તેઓ સામાજિક, ધાર્મિક અને સૈનિક જવાબદારીઓ અદા કરતી હતી.

આશરે ત્રણ સહસ્ત્રાબ્દી પહેલાં શબાની રાણીએ શાબાથી યરુશાલેમ સુધીની 1200 કિલોમીટરની કરેલી લાંબી મુસાફરી ખૂબ નાટયાત્મક છે. ઊંટોની વણઝાર અને મોટા કાફલા સાથે રણ અને ડુંગરાળ પ્રદેશો વટાવીને શબાની રાણીએ ઈસાયલની રાજધાની યરુશાલેમ પહોંચવામાં લાંબા ગાળાનું સાહસ ખેડયું.

બાઈબલ કહે છે તેમ, “તે પોતાની સાથે મોટો રસાલો અને ઊંટો ઉપર લાદીને અત્તરો, પુષ્કળ સોનું અને ઝવેરાત લઈને યરુશાલેમ આવી પહોંચી.”

રાજા શલોમોને પોતાના રાજ્યકાળની શરૂઆતમાં જ જોયું હતું કે રાજ્યની પ્રગતિ માટે દેશ-દેશાવર સાથેના ધંધાવ્યવહાર ખૂબ અગત્યના છે. એટલે એમણે પડોશના રાજા અને એમના અનુભવા ખલાસીઓની મદદથી દરિયાઈ માર્ગો ધંધો વિકસાવવા માટે એક નૌકાદળ પણ તૈયાર કર્યું હતું.

બાઈબલ કહે છે કે, “શલોમોને અદોમના પ્રદેશમાં રાતા સમુદ્રને કાંઠે આવેલા એલાથની નજીકના એસિયોન-ગેબરમાં એક નૌકાદળ તૈયાર કર્યું. હિરામે શલોમોનના માણસો સાથે નૌકાદળમાં કામ કરવાને પોતાના અનુભવી ખલાસીઓને મોકલી આપ્યાઃ તેઓ ઓફીર જઈને ત્યાંથી ચારસો વીસ મણ સોનું લઈ આવ્યા અને તે તેમણે રાજા શલોમોનને પહોંચાડયું.”

શલોમોનના આ વેપારી ખલાસીઓને મુખે કે અન્ય વેપારી કાફલાઓ પાસેથી શબાની રાણીએ શલોમોનનું જ્ઞાન તથા તેમની જાહોજલાલી અને ધંધાવ્યવહાર વિશે સાંભળ્યું હશે. એટલે એમના જ્ઞાનની કસોટી કરવા સાથે શલોમોન જોડે પોતાના રાજ્યના ધંધાવ્યવહાર વિકસાવવાની તકો શોધવા માટે પણ શબાની રાણી યરુશાલેમ આવી પહોંચી હશે.

યરુશાલેમ પહોંચતા વેંત શબાની રાણી સીધી શલોમોનના દરબારમાં દાખલ થઈને રાજાને મળી. બાઈબલના શબ્દોમાં કહીએ તો, "શલોમોનની આગળ આવીને તેણે પોતાના મનમાં હતા તે બધા પ્રશ્નો પૂછયા અને શલોમોને તેના પ્રશ્નોના જવાબ આપ્યા. એક પણ પ્રશ્ન એવો નહોતો કે જેનો જવાબ રાજા આપી ન શકે."

શબાની રાણી ફક્ત રાજા શલોમનના જ્ઞાનથી જ નહિ પણ એમનાં મહેલ. એમની સાધન સંપત્તિ, એમના દરબારીઓ જેવી બધી જ બાબતોથી ખૂબ પ્રભાવિત થઈ ગઈ. એટલે બાઈબલ કહે છે. "શલોમોનનું બધુ જ્ઞાન, તેણે બંધાવેલ મહેલ, તેના ભાણામાં પિરસાતી વાનગીઓ, તેની આસપાસ બેઠેલા દરબારીઓ, તેના ખિદમતગારો, તેનો પોશા, તેના સાકીઓ અને પ્રભુના મંદિરમાં તેના તરફથી ધરાવાતા બલિઓ જોઈને શબાની રાણી અવાક જ થઈ ગઈ."

રાજા શલોમોનની આ બધી જાહોજલાલી જોઈને શબાની રાણીએ રાજાને કહ્યું, "મેં મારા દેશમાં તમારા વિશે તથા તમારા જ્ઞાન વિશે જે સાંભળ્યું હતું તે બધું સાચું હતું. પણ મેં જાતે આવીને સગી આંખે જોયું નહોતું ત્યાં સુધી તેમની વાત હું માનતી નહોતી. ખરેખર મેં જે સાંભળ્યું હતું તે તો અધુંયે નહોતુ. મેં જે સાંભળ્યું હતું તેને તમારા જ્ઞાન અને સમૃદ્ધિ ક્યાં ટપી જાય છે ! તમારી રાણો કેટલી સુધી છે ! સદા તમારી તહેનાતમાં રહેતા અને તમારી જ્ઞાનવાણી સાંભળતા આ દરબારીઓ કેટલા ભાગ્યાશાળી છે ! તમારા ઈશ્વર પ્રભુનો જય હો, જેણે તમારા ઉપર પ્રશન્ન થઈને તમને ઈસાયલી ગાદીએ બેસાડયા ! ઈસાયલ ઉપર પ્રભુને કાયમ પ્રેમ હોવાથી તેમણે તમને ન્યાય અને ધર્મ માટે એના રાજા બનાવ્યા છે."

શબાની રાણીએ રાજા શલોમોનની કદર કરતાં ઉચ્ચારેલ શબ્દો એની નિરીક્ષણ શકિત તેમજ એક સ્ત્રી તરીકેની એની આગવી આંતરદષ્ટિનો આપણને ખ્યાલ આપે છે.

બીજી બાજુ, શબાની રાણી રાજા માટે લાવેલી ભેટસોગાદો તો એના વ્યક્તિત્વના એક નવા પાસાનું આપણને દર્શન કરાવે છે. રાજા શલોમોનની જેમ શબાની રાણી પણ ધનાઢય રાજકર્તા છે, એટલે જે તે શલોમોનને ખૂબ કીમતી ભેટોથી નવાજી શકે છે. બાઈબલ નોંધે છે કે, શબાની રાણીએ "રાજાને એકસો વીસ મણ સોનું અને પુષ્કળ અત્તરો અને ઝવેરાત ભેટ ધર્યા. શબાની રાણીએ રાજા શલોમોનને ભેટ ધરેલાં અત્તરો જેવાં અત્તરો ફરી કદી આવ્યાં નથી."

શબાની રાણીની જેમ રાજા શલોમોન પણ ઉદારતા અને દાતૃત્વમાં પાછા પડે એવા ન હતા. બાઈબલમાં કહ્યું છે તેમ, "રાજા શલોમોને શબાની રાણીને તેણે જે જે માગ્યું તે બધું આપ્યું, તેણે પોતે બાદશાહી ઉદારતાથી આપ્યું હતું તે તો વળી જુદું."

શબાની રાણીએ રાજા શલોમોનને આપેલી ભેટ સોગાદો રાણી સાધનસંપત્તિ અને એના વૈભવની જાહેરાત કરે છે. પૌરાણિક હિમયારિતિક શિલાલેખો પણ શબાની કીર્તિની ઘોષણા કરે છે.

જૂના જમાનામાં પ્લીની અને સ્ટાબો જેવા ઈતિહાસકારોએ પણ શબાની સંસ્કૃતિ અને રાજકીય વૈભવનો ઉલ્લેખ કર્યો છે. બાઈબલના જૂના કરારમાં જોવા મળતા કેટલાક ઉલ્લેખો પણ આ વાતનું સમર્થન કરે છે. દાખલા તરીકે પયગંબર યશાયા યરુશાલેમના ભાવિ મહિમાની આગાહી કરતાં કહે છે કે, "ઊંટોનાં ટોળાંથી તારો પ્રદેશ છવાઈ જશેઃ તેઓ મિધ્યાન અને એફાના પ્રદેશમાંથી આવશેઃ શબાથી પણ બધાં આવશેઃ સોનું અને લોબાના લઈને આવશે."

શબાની રાણીની મુલાકાત અંગે ઘણી દંતકથો પણ પ્રચલિત છે. એક દંતકથા મુજબ રાણી અને રાજા શલોમોન વચ્ચે પ્રેમસંબંધ હતો. એમાંથી મેનેલેક નામના દીકરાનો જન્મ થયો  દીકરો પોતાના રસાલા સાથે અબિસીનિયા (હાલના ઈથિયોપિયા) જતા રહ્યો. અબિસીનીયાના રાજવંશના લોકો પોતાની જાતને રાજા શલોમોન અને શબાની રાણીના વંશના ગણે છે. જો કે બાઈબસમાં આવી કોઈ વાત છે જ નહિ.

શબાની રાણીએ લીધેલી યરુશાલેમની મુલાકાત અંગે ઘણા નામી અને અનામી ચિત્રકલાકારોએ કલાચિત્રો પણ દોર્યાં છે. રૂબન્સ પોતાના ચિત્રમાં શબાની રાણીને એક સુંદર અને ઉદાત્ત સ્ત્રી તરીકે ચીતરે છે જે ભવ્ય કપડામાં સજ્જ છે. રોમના વેટિકન ખાતે રાફાયેલે દોરેલા ભિત્તિચિત્રમાં શબાની રાણીને ઉતાવળે ઉતાવળે રાજા શલોમોનના દરબારમાં દાખલ થતી દર્શાવાઈ છે.

શબાની રાણી વિશેની આવી બધી વાતો પુરાવાર કરે છે કે તે ખરેખર એક અજોડ અને જાજરમાન રાણી હતી. જાહેર સંબંધ અને આંતરરાષ્ટ્રીય સંબંધ પોષનાર અને એવા ક્ષેત્રનો પૂરો ઉપયોગ કરનાર શબાન રાણી આજે પણ સૌને માટે નમૂનારૂપ અને અનુકરણીય વ્યક્તિ રહી છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-01-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 01-03-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007